# વિશ્વ ગુજરાતી સમાજ


૧૦૨, ૧લા માળે, મણિપ્રભુ એપાર્ટમેન્ટ, નવરંગ સ્કૂલ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત, ભારત.
ફોન / ફેક્સ :- ૯૧-૭૯-૨૬૪૬૮૩૪૨, ૨૬૪૪ ૦૦૨૮, ઈ-મેઈલ: infovgsa@gmail.com | www.vishwagujaratisamaj.net

**કૃષ્ણકાંત વખારીઆ**
પ્રમુખ

**શ્રી વિજય રૂપાણી,** મુખ્ય સંવર્ધક
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**હેમરાજ શાહ**
વરિષ્ઠ ઉપપ્રમુખ


તા. ૧૮-૭-૨૦૧૯

સુજ્ઞશ્રી

વિશ્વ ગુજરાતી સમાજ સ્થાપિત **સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ (સન્માન)**ના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ સંભવિત નામોની પસંદગી માટે આપના સૂચનો પાઠવવા અંગે આ પરિપત્ર આપને પાઠવીએ છીએ.

સરદાર વલ્લભભાઈ પટેલની વર્ષ ૨૦૦૧માં ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે વિશ્વ ગુજરાતી સમાજે સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ પ્રસ્થાપિત કરેલ છે. વિશ્વ ગુજરાતી સમાજે નીચેના મહાનુભાવોને ઉપરોક્ત એવોર્ડ અર્પણ કરેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | શ્રી ચુનીભાઈ વૈદ્ય | - ૨૦૦૧ | (૯) | સુશ્રી ઈલાબેન ભટ્ટ | - ૨૦૦૯ |
| (૨) | શ્રી બાબુભાઈ જ. પટેલ | - ૨૦૦૨ | (૧૦) | લૉર્ડ ભીખુભાઈ પારેખ | - ૨૦૧૦ |
| (૩) | ડૉ. આઈ.જી. પટેલ | - ૨૦૦૩ | (૧૧) | ડૉ. રાજમોહન ગાંધી | - ૨૦૧૧ |
| (૪) | શ્રી સામ પિત્રોડા | - ૨૦૦૪ | (૧૨) | શ્રી દીનશા પટેલ | - ૨૦૧૨ |
| (૫) | સ્વામી સચ્ચિદાનંદજી | - ૨૦૦૫ | (૧૩) | લૉર્ડ મેઘનાદ દેસાઈ | - ૨૦૧૩ |
| (૬) | સુશ્રી સુનિતા વિલિયમ્સ | - ૨૦૦૬ | (૧૪) | ડૉ. સુધીર પરીખ | - ૨૦૧૫ |
| (૭) | ડૉ. રમણિકભાઈ દોશી | - ૨૦૦૭ | (૧૫) | શ્રી બાલકૃષ્ણ દોશી | - ૨૦૧૭ |
| (૮) | શ્રી કરસનભાઈ પટેલ | - ૨૦૦૮ | | | |

(૧) સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડના લાભાર્થીની પસંદગી માટે વિશ્વભરમાંથી કોઈપણ વ્યક્તિની પસંદગી થઈ શકે પરંતુ એ પસંદગીમાં ગુજરાતી મહાનુભાવને અગ્રતાક્રમે પસંદગી આપવી.

(૨) પસંદગી માટે મુખ્ય માપદંડ સરદાર સાહેબના જીવન અને આદર્શના આધારે રાજકીય, વહીવટી, સામાજિક અથવા જાહેરસેવાના ક્ષેત્રે જે વ્યક્તિની **વિશ્વ પ્રતિભા** ઉપસેલી હોય તેવી વ્યક્તિ પંસદ કરવી.

(૩) દર બે વર્ષે માત્ર એક વ્યક્તિની આ એવોર્ડ માટે પસંદગી કરવી. આ એવોર્ડની ધનરાશિ **રૂા. ૨,૫૦,૦૦૦/-** (અંકે રૂપિયા બે લાખ પચાસહજાર પુરા)ની છે. આ ઉપરાંત **પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિન્હ** પણ અર્પણ કરવામાં આવે છે.

(૪) વ્યક્તિની પસંદગી કરવા માટે વિશ્વભરના ગુજરાતી સમાજો અને સંગઠનો તેમજ વિશ્વ ગુજરાતી સમાજના સભાસદો, ભારતના સંસદ સભ્યો, ગુજરાત વિધાનસભાના વર્તમાન અને માજી સભ્યો તેમજ ગુજરાતભરની યુનિવર્સિટીઓ અને અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ પાસેથી જાહેર રીતે સૂચનો મંગાવવામાં આવે છે.

(૫) ગુણદોષ આધારે પારદર્શક પસંદગી માટે વિશ્વ ગુજરાતી સમાજની સ્થાયીસમિતિએ નિષ્પક્ષ અને તટસ્થ ચાર સભ્યોની શોધસમિતિ (સર્ચ કમિટિ)ની રચના કરેલી છે.

આમ ઉપરોક્ત બાબત લક્ષમાં લઈને વિશ્વભરમાંથી યોગ્ય વ્યક્તિની પસંદગી માટે આપના સૂચનો **તા. ૩૧-૮-૨૦૧૯** સુધીમાં અમને મોકલી આપવા વિનંતી છે.

આપના સૂચનો સાથે તે લાભાર્થીનું નામ અને તેના અંગેની જરૂરી વિગતો પણ મોકલવા વિનંતી છે.

કૃષ્ણકાંત વખારીઆ
**પ્રમુખ**
**વિશ્વ ગુજરાતી સમાજ**